કેરાલા સી.એમ.રિલીફ ફંડમાં અત્યાર સુધી ૧.૨૦ લાખ જમા થયા

# IITIANSએ કેરાલા પૂર પીડિતો માટે ફંડ એકઠું કર્યું



કેરાલામાં ભયંકર પૂર આવતા સમગ્ર જનજીવન અસ્તવ્યસ્ત તઈ ગયું છે. ૪૦થી વધુ લોકોનાં મૃત્યુ નીપજ્યાં છે, જ્યારે હજારો લોકો ઘરવિહોણા બનાતા તારાજી સર્જાઈ છે. આવા સંજાગોમાં કેરાલાના પડખે ઊભું રહેવા માટે દરેક માનવતાવાદીઓ આગળ આવી મદદ કરી રહ્યાં છે. ત્યારે શહેરની વિવિધ કોલેજો, પ્રિમિયર ઈન્સ્ટિટ્યૂટ્સના સ્ટુડ્ન્ટ પણ માનવતાવાદી વલણ અપાનવી સહાય પહોંચાડવાના પ્રયત્નો કરી રહ્યાં છે. ત્યારે આઈ.આઈ.ટી. ગાંધીનગરના સ્ટુડન્ટ્સ તથા ફેકલ્ટીએ કેરાલા સી.એમ.રિલીફ ફંડમાં અત્યાર સુધી ૧,૨૦,૦૦૦ સુધીની રકમ જમા કરાવી તેઓની વહારે આવ્યાં છે. સાથે જ તેઓને જીવનજરૂરી અને ઉપયોગી દવાઓ, સાબુ, માસ્ક, બેબી પ્રોડક્ટ્સ, સેનેટરી નેપ્કિન, રાઈસ, બકેટ્સ, કપડાં, પ્લાસ્ટિક બેગ્સ, સહિતની વસ્તુઓ રિલીફ કેમ્પમાં પહોંચાડવા કવાયત હાથ ધરી છે.

**Title: IITians collect fund for Kerala flood victims**
**Source:** Sandesh (City Life, Pg. no. 1)
**Link:** https://sandeshepaper.in/edition/52134/ahmedabad/page/19#/zoom
**Date:** 29-08-2018